ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાલ ધો -૧૦ અને ૧૨ મોટ પુરક પરીક્ષા લેવામાં આવી રહી છે. જયારે પુરક પરીક્ષા દરમિયાન પરીક્ષા સ્થળો પર સેનેટાઈઝેશન , ટેમ્પ્રેચર ગન, માસ્ક સહીતના સલામતીના પરિબળોનુ પણ વિશેષ ધ્યાન આપવામાં આવે છે. ગુરુવારે ગણિતનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર જોવા મળી હતી. પરીક્ષા આપ્યા બાદ વિદ્યાર્થીઓ હર્ષની લાગણી સાથે ખંડમાંથી બહાર નિકળ્યા હતા.

ગાંધીનગરમાં ડ્રેનેજ સિસ્ટમ માટે ૨૫૧ કરોડનું ટેન્ડર બહાર પડાયું

ગાંધીનગર, તા. ૨૭

સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર શહેર વિસ્તારમાં ગંદા પાણીના નિકાલની ભૂગર્ભ ગટર લાઇન સહિતનું નવુ નેટવર્ક આગામી દિવસોમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા તૈયાર કરાશે. મહાપાલિકા દ્વારા તેના માટેની યોજના તૈયાર કરી દેવાઈ છે અને રૂપિયા ૨૫૧ કરોડની આ યોજનાનો ખર્ચ મહાપાલિકા ભોગવશે, તેના માટેના ટેન્ડર બહાર પાડી દેવાયા છે. મેયરશ્રી રીટાબેન પટેલે જણાવ્યું કે ગટર ઉભરાવાની સમસ્યા આ યોજના પૂર્ણ થવાની સાથે ભૂતકાળ બની જશે. તંત્ર દ્વારા યોજના તૈયાર કરવા સમયે આગામી ૪૦થી ૫૦ વર્ષની જરૂરત અને ત્યારે થનારી વસતીને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. ટુંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થવાની સાથે આ દિશામાં યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવશે

ગાંધીનગરમાં મોસમનો ૧૦૨ ટકા વરસાદ, હરિયાળી નિખરી

જિલ્લામાં પણ નોંધપાત્ર ૯૮ ટકા વરસાદ : ખેડુતોમાં પણ હર્ષની લાગણી : શહેરમાં ૧૦૨ ટકા વરસાદ થયો : વાતાવરણમાં ઠંડક : સેકટરોમાં વરસાદી સમસ્યાઓનો ઢગ

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં અત્યાર સુધી સિઝનનો ૧૦૨ ટકા વરસાદ થયો છે. શહેરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી બાદ તબક્કાવાર વરસેલા વરસાદી રાઉન્ડ દરમિયાન પણ મેઘરાજા તોફાની મિજાજમાં જોવા મળ્યા છે. આકાશમાં ગોરંભાતા વરસાદી વાદળો વચ્ચે ગગનભેદી વિજકડાકા સાથે વરસતા વરસાદથી જનજીવન વારંવાર વિશેષ રીતે પ્રભાવિત થયુ છે. ગાંધીનગરમાં સિઝનનો પર્યાપ્ત વરસાદ થઇ ગયો છે. જયારે જિલ્લામાં પણ ૯૮ ટકા જેટલો નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. સેકટરોમાં ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ આમ નાગરિકો માટે ત્રાસરૂપ બની છે. જયારે સિઝનના પુરતા વરસાદના અંતે શહેરમાં નિખરેલી હરિયાળી પણ આંખોને ઠંડક આપી રહી છે.

ચોમસાના પ્રારંભથી મેઘરાજાનો મિજાજ કાંઇક આ વર્ષે અલગ જોવા મળી રહ્યો છે. અલબત્ત વરસાદી દિવસોની શરૂઆતથી જ મેઘરાજા તોફાની અંદાજમાં હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો છે. પ્રારંભિક તબક્કે પણ વિજકડાકા અને ગાજવીજ વચ્ચે બે ત્રણ ઇંચ વરસાદ થયો હતો.

જયારે ત્યારબાદ પણ ભારે વરસાદના રાઉન્ડ દરમિયાન મેઘરાજાનો મિજાજ આકમક જોવા મળ્યો હતો. આકાશમાં ઘેરાવો નાંખતા કાળા ડીંબાંગ વાદળોની સાથે ગગનભેદી વિજકડાકા અને સતત થતી વાદળ ગર્જનાના લીધે મેહુલિયો ભયાવહ બન્યો હતો. થોડા દિવસો અગાઉ પણ તોફાની વરસાદે બે ઘડી નગરજનોમાં ભય ઉભો કર્યો હતો. શહેરમાં ત્રણ ચાર વાર ભારે વરસાદના રાઉન્ડના અંતે રોજબરોજ આકાશમાં ઘેરાવ નાંખતા વરસાદી વાદળો વચ્ચે સતત રીમઝીમ અને ઝરમિરયો વરસાદ પણ વરસતો રહે છે. ગાંધીનગર જિલ્લામાં સિઝનનો ૯૮.૧૩ ટકા વરસાદ થઇ ગયો છે. જયારે સૌથી વધુ વરસાદ ગાંધીનગરમાં થયો છે.

ગાંધીનગર શહેર તેમજ તાલુકા વિસ્તારમાં ૧૦૨ ટકા વરસાદ નોંધાયો છે. દહેગામ તાલુકામાં પણ ૧૦૧.૧૭ ટકા વરસાદ થયો છે. માણસા તાલુકામાં પણ ૯૬.૯૧ ટકા વરસાદ નોંધાયો છે. જયારે સૌથી ઓછો વરસાદ કલોલ તાલુકામાં થયો છે. ગાંધીનગર શહેરમાં પણ વરસાદનો મિજાજ નિખરતા અત્યાર સુધી સિઝનનો પુરતો વરસાદ થઇ ગયો છે. સેકટરોમાં વરસાદી હેલીના લીધે ઠેર ઠેર વરસાદી પાણી ભરાયેલા નજરે પડયા હતા. હાલમાં પણ સેકટરોમાં કાદવ કીચ્ચડની સ્થિતિ જોવા મળે છે. શહેરમાં ગઇકાલે પણ એક ઇંચ વરસાદથી ચોમેર પાણી પાણી થઇ ગયુ હતુ.

આ વર્ષે શહેરમાં વરસાદી દિવસોમાં સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવ્યુ હોવાથી ભયજનક દ્રશ્યો જોવા મળી રહ્યા છે. વરાસાદી દિવસોમાં યોગ્ય માટી પુરાણના અભાવે ઠેર ઠેર મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે.ગાંધીનગર શહેર તેમજ તાલુકાના અન્ય વિસ્તારમાં પણ પુરતો વરસાદ થઇ ગયો છે. જયારે જિલ્લામાં ચારેય તાલુકામાં પણ અત્યાર સુધી સિઝનનો ૯૮ ટકા વરસાદ થઇ જતા ખેડુતોને પણ હાંશકારો થયો છે. ખેડુતો પાકના ઉછેરની પ્રક્રીયામાં લાગી ગયા છે. નોંધપાત્ર વરસાદના લીધે શહેર જિલ્લામાં ચોમેર હરિયાળી જોવા મળી રહી છે.

જિલ્લાની ૨૭૮ કન્સ્ટ્રક્શન સાઈટ પર મેલેરિયાની ટીમ ત્રાટકી

૨૭ કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકોને નોટીસ : ૪૭૯ જેટલા મચ્છર ઉત્પત્તિ સ્થાનો પર એન્ટી લારવેલની કામગીરી કરાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં વરસાદે વિરામ લીધા બાદ આજે સતત બીજા દિવસે મેલેરિયાતંત્રની ટીમોએ જિલ્લાની ૨૭૮ કન્સ્ટ્રક્શન સાહિટોનું પરીક્ષણ કર્યુ હતુ. જેમાંથી ૨૭ જેટલી સાઈટો પર ભારે બ્રિડીંગ મળી આવતાં તંત્રએ કનસ્ટ્રક્શન સાઈટના સંચાલકોને નોટીસ થમાવી દીધી છે.

જિલ્લા મેલેરિયાતંત્રએ ગઈકાલે ૪૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓને નોટીસ આપ્યા બાદ આજે ૨૭ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટોને પણ નોટીસ થમાવતાં જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે.

જિલ્લા મેલેરિયાતંત્રની યાદીમાં જણાવાયા મુજબ જિલ્લાની ૨૭૮ કન્સ્ટ્રક્શન સાઈટની ટીમોએ મુલાકાત લઈ ૯૬૩૫ જેટલા મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરી હતી. જેમાં ૪૭૯ જગ્યાએ મચ્છરોના પોરા જોવા મળ્યા હતા.

૨૭ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટ પર ભારે બ્રીડીંગ જોવા મળતાં તંત્રએ આ કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકોને નોટીસ આપી હતી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરની ૧૮૧ કન્સ્ટ્રક્શન સાઈટોની તપાસ કરાઈ હતી. દહેગામ તાલુકાની ૩૬ સાઈટો, કલોલની ૪૮ કન્સ્ટ્રક્શન સાઈટો અને માણસાની ૧૩ કન્સ્ટ્રક્શન સાઈટોની ચકાસણી આજે કરવામાં આવી હતી.

તંત્રએ ૨૭૧ જેટલા કન્સ્ટ્રક્શન સાઈટના સુપરવાઈઝરોને મચ્છરોની ઉત્પત્તિ કેવી રીતે અટકાવી શકાય તેને લઈ ખાસ તાલિમ પણ આપી હતી.

જિલ્લામાં વરસાદ પછી ઉભા થયેલા વાતાવરણમાં મચ્છરોની ઉત્પત્તિ માટે સાનુકૂળ

ડૉ. સી. જે. ચાવડાની ગ્રાન્ટમાંથી કોલવડા આયુર્વેદ કોલેજને એમ્બ્યુલન્સ ફળવાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાની મોડેલ આયુર્વેદ કોલેજ કોલવડાને આજે ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાની

ગ્રાન્ટમાંથી એમ્બ્યુલન્સ વાન અર્પણ કરવામાં આવી છે.

ડૉ. ચાવડા કોરોના મુક્ત થયા બાદ આજે જિલ્લા પંચાયત સંકુલમાં આવ્યા હતા. જ્યાં પંચાયત પ્રમુખ મંગુબેન પટેલ, બેચરજી ઠાકોર, ભરતભાઈ પટેલ તેમજ એસ.એન. પરમાર, કોંગીના આગેવાનો શિવરામભાઈ ચૌધરી સહિત સૌએ તેમને આવકાર્યા હતા.

ડૉ. ચાવડાએ આજે આ પ્રસંગે ખુશીની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાન, રાજ્યના આયુર્વેદ નિયામક અને જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ભાવનાબેન પટેલ, કોલવડા કોલેજના આચાર્ય સુશ્રી સ્વીટી રૂપારેલ, રાકેશ ભટ્ટ, દર્શનભાઈ ત્રિવેદી સહિત અધ્યાપકો પણ હાજર રહ્યા હતા.

ડૉ. ચાવડાએ આયુષ ગ્રામ યોજનાનો વ્યાપ જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં વધે તે માટે અધિકારીઓને આગ્રહ કર્યો હતો. સુશ્રી શાલિની દુહાન અને સી.જે. ચાવડા તેમજ પંચાયતના પદાધિકારીઓએ લીલી ઝંડી બતાવી વાનને રવાના કરી હતી.

શહેરના જુના ચાર સેકટરોમાં ૧૦૩૮ સરકારી આવાસો જોખમી હાલતમાં

સે-૨૨,૨૩, ૨૮ અને સે-૨૯ માં ૪૮૫ જોખમી આવાસો ખાલી કરાવાયા : તબક્કવાર અન્ય મકાનો પણ ખાલી કરાવાશે

ગાંધીનગર તા ૨૭

શહેરના સેકટરોમાં ભયજનક આવાસોની સંખ્યા વિશેષ છે. શહેરના સે-૨૨, સે-૨૩ અને ૨૮ તેમજ ૨૯ માં જ

જુદી જુદી કક્ષાના ૧૦૩૮ જેટલા મકાનો જોખમી હાલતમાં છે. આ પૈકી હજુ પણ ૫૫૩ આવાસોમાં વસવાટ છે. આ સેકટરોમાં જોખમી મકાનો ખાલી કરાવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી રહી છે. નવા આવાસો બાંધવા માટે તબક્કવાર જુના મકાનો તોડવામાં આવી રહ્યા છે.

શહેરના સે-૨૨, સે-૨૩ અને સે-૨૮ તેમજ ૨૯ માં ૧૦૩૮ મકાનો ભયજનક હાલતમાં છે. જયારે આ પૈકી ૪૮૫ જેટલા મકાનો ખાલી થયા છે. જયારે ૫૫૩ જોખમી આવાસો ખાલી કરવાના બાકી છે. શહેરના સેકટરોમાં આમ પણ જોખમી આવાસોની સંખ્યા વિશેષ છે. ત્યારે જુના ચાર સેકટરોમાં જ ભયજનક મકાનોનુ પ્રમાણ વધુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. હાલ તંત્ર દ્વારા તબક્કાવાર આ મકાના ખાલી કરાવવામાં આવી રહ્યા છે. આ ચારેય સેકટરોમાં અંદાજિત જુદી જુદી કક્ષાના ૪ હજાર જેટલા મકાનો છે. જયારે આ પૈકી જોખમી આવાસોની સંખ્યા પણ વિશેષ છે. આવા સંજોગોમાં તંત્ર માટે આ મકાનો તોડવા પણ અનિવાર્ય છે. પરંતુ માર્ગ મકાન વિભાગની સુચના મુજબ બધા જ મકાનો ખાલી કરાવાની પ્રક્રીયાને અગ્રતા આપ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેથી જોખમી આવાસો ખાલી કરાવવા માટે પણ સતત પ્રક્રીયા ચાલી રહી છે. સેકટરોમાં છેલ્લા દોઢ દાયકાથી આવાસો ખાલી કરાવવા માટે કામગીરી ચાલી રહી છે. અલબત્ત નિકાલ હેઠળના મકાનો ખાલી કરાવી દેવાયા બાદ પ્રથમ તબક્કામાં જોખમી મકાનો તોડવામાં આવ્યા હતા જયારે ત્યારબાદ તબક્કાવાર ભયજનક મકાનો ધ્યાને આવતા આવાસોને તોડવા માટે વિભાગ કક્ષાએથી મંજુરી લેવામાં આવી રહી છે. શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસો પૈકી બહુ ઓછા રહેણાંકને લાયક રહ્યા છે. શહેરમાં સ્થિત સરકારી આવાસોની જાળવણી તેમજ રીનોવેશનનુ કામ પણ તંત્ર માટે શિરદર્દ બન્યુ છે. સરકારી આવાસોમાં છતમાંથી પોપડા ખરવા ઉપરાંત ભેજના લીધે પાણી ઉતરવા સહીતની તકલીફો પણ રહીશો માટે હાલાકીનુ કારણ બની છે. ત્યારે નવા આવાસો બાંધવા માટે જગ્યા ખુલ્લી કરવા માટે પણ ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવે તે દિશામાં પણ યોજના આરંભી દેવામાં આવી છે.

ગાંધીનગર ગ્રામ્યમાં કોરોના બેકાબુ બન્યો

જિલ્લામાં ૧૯ કેસ : ગાંધીનગરમાં ૧૨, દહેગામમાં ૨, કલોલમાં ૨, માણસામાં ૩ કેસ નોંધાયા : કલોલના એક દર્દીનું સારવાર દરમ્યાન આજે મોત થયુ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ ૧૯ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ હતુ.

જિલ્લામાં આજે સારવાર દરમ્યાન કલોલના એક દર્દીનું પણ મોત થયુ હતુ. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મૃત્યુઆંક ૧૦૦ની નજીક સરકી રહ્યો હોવાથી તંત્ર ચિંતાતુર બન્યુ છે. આજે કલોલના દર્દીના મોતના સમાચાર સાથે તંત્રમાં પણ શોકની લાગણી છવાઈ હતી. બે દિવસમાં કલોલના બે દર્દીના મોત થયા છે.

જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં કોરોના બેકાબુ બની રહ્યો છે. તેણે પણ તંત્રની ચિંતા વધારી છે. ગાંધીનગર તાલુકામાં કોરોનાના આજે વધુ ૧૨ કેસ મળી આવ્યા છે. કલોલ અર્બન વિસ્તારમાંથી આજે બે કેસ મળ્યા છે. આ ઉપરાંત માણસામાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી રહી છે.

જિલ્લામાં ટેસ્ટ, ટ્રીક અને ટ્રીટમેન્ટની આક્રમક વ્યુહરચના કોરોના સામેના જંગમાં તંત્રએ અમલમાં મુકી છે. તંત્રમાં વધતા જતા કેસો અને વધતા જતા મૃત્યુઆંકને કારણે ચિંતાઓ બેવડાઈ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના આદરદમોટી ગામેથી આજે ૨૨ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો ટીંટોડા ગામે પુનઃ કોરોનાએ હાજરી પુરાવી છે આજે ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

હોટસ્પોટ બની ચુકેલ વાવોલ ગામેથી આજે ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત અન્ય હોટસ્પોટ ગણાતા રાંધેજા ગામેથી ૭૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા કેવી રીતે સંક્રમિત થઈ તેની વિગતો તંત્ર દ્વારા મેળવવામાં આવી રહી છે.

હોટસ્પોટ બની ચુકેલા કુડાસણમાંથી પણ આજે વધુ બે કેસ મળ્યા છે. જેમાં એક ૨૮ વર્ષીય યુવાન અને ૩૫ વર્ષીય યુવાનનો સમાવેશ થાય છે. રાયસણ ગામેથી ૩૨ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મીલીસ્ટ્રી સ્ટેશન આલમપુર ખાતે પણ આજે વધુ એક કોરોનાનો દર્દી મળતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. અહિથી ૪૧ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગરને અડીને આવેલ સરગાસણ ગામ પણ કોરોના માટે હોટસ્પોટ બનેલ છે. આજે આ ગામથી ૩ કેસ મળી આવ્યા છે જેમાં એક મહિલા અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે સરગાસણમાંથી ૫૨ વર્ષીય પુરૂષ, ૬૪ વર્ષીય પુરૂષ અને ૨૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાના - ૭ પર

શહેરમાં નવા ૧૪ કેસ નોંધાયા

આઈપીએસ અધિકારી, ઈલેક્ટ્રીક કંપનીના મેનેજર, સિનીયર ક્લાર્ક, નાયબ સે. અધિકારી, પોલીસ કોન્સ્ટેબલ, ઈલે. ચીજોના વેપારી કોરોનામાં સપડાયા : સે. ૨૬ માંથી ૩, સે. ૨૪ માંથી ૨, સે. ૨૯ માંથી ૨, જીઈબી કોલોની, સે. ૧૪, સે. ૨૧, સે. ૩૦, સે. ૨૯ અને ૧૨ અને ૨૩ માંથી કેસ મળ્યા

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૪ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૭૫૦ના આંકને પાર કરી અને ૭૬૨ પર પહોંચી છે.

શહેરમાં વધી રહેલા સંક્રમણના કેસોને પગલે તંત્રની ચિંતા વધી છે. શહેરમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન છે કે લોકલ ટ્રાન્સમિશન તે અંગે તંત્ર હજુ દ્વિધામાં છે. જો કે શહેરમાં નોંધાયેલા કેસો પૈકી રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે.

શહેરમાં આજે ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. શહેરમાં અત્યાર સુધી ૬૦૫ દર્દીઓ કોરોના મુક્ત થયા હોવાનું પણ આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

શહેરમાં ટેસ્ટીંગની સંખ્યામાં વધારો કરવા ઉપરાંત સર્વેલન્સ પણ સઘન બનાવવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જોકે શહેરમાં ૧૯૦ જેટલા કન્ટેનમેન્ટ ઝોનના વિસ્તારો હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલ દર્દીઓમાં આરોગ્ય વિભાગના સિની. ક્લાર્ક, કોમ્પ્યુટર ઓપરેટર-સાઈ, પોલીસ કોન્સ્ટેબલ, મિકેનીકલ ડિઝાઈનર તેમજ ઈલેક્ટ્રીક કંપનીના મેનેજર, ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણનો વેપારી

● અનુસંધાન પાના - ૭ પર

મનપા સ્થાયી સમિતિની ૨૯મીએ બેઠક

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની બેઠક ચોવીસ દિવસના વિરામ બાદ પુનઃ ૨૯મી ઓગષ્ટને શનિવારે મળશે. દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે સ્થાયી સમિતિની આ બેઠક મળશે જેમાં ૫ મી ઓગષ્ટના રોજ મુલ્તવી રાખવામાં આવેલ એજન્ડા પર વિચારણા કરી અને નિર્ણયો લેવામાં આવશે.

ગત ૫ મી ઓગષ્ટના રોજ મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં કમિશનરની ગેર હાજરીને લઈ બેઠકમાં તેઓ હાજરી ના આપે ત્યાં સુધી આગળની કાર્યવાહી નહિ કરવાનો નિર્ણય કરી બેઠક મુલ્તવી રાખવામાં આવી હતી. હવે પ્રદેશ નેતાઓની સમજાવટ બાદ પુનઃ એક વખત મનપાની સ્થાયી સમિતિની આ બેઠક મળશે. હાલ કમિશનર કોરોનાથી સંક્રમિત થયા હોવાથી રજા પર છે. મનપાની આ સ્થાયી સમિતિની બેઠક માટે ૧૧ જેટલા વિવિધ મુદ્દાઓ છે જેમાં બગીચાઓના નવીનીકરણ સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂ. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂ. ૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com